ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ,
પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦/એ,
ગાંધીનગર- ૩૮૨૦૧૦

# માર્ગદર્શિકા

# ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬

## ઉજળી બનાવવા આવતી કાલ,

## કરો ઘન કચરાનો મહત્તમ પુન: વપરાશ.

| (૧) સડી શકે તેવા એટલે કે, બાયોડીગ્રેડેબલ કચરો લીલા કલરના પાત્રમાં | ૨) પુન: વપરાશ/ પુન: ચક્રિત થઈ શકે તેવો કચરો સફેદ કલરના પાત્રમાં અને | (૩) ઘરગથ્થું વપરાશની ચીજોમાંથી જોખમી કચરો કાળા કલરના પાત્રમાં રાખશે |
|---|---|---|
|  |  |  |
| રસોડાનો કચરો, શાકભાજીનો કચરો, ફળોની છાલનો કચરો, ફુલનો કચરો, બગીચાના પાન/ ડાળીઓ, બગીચાનુ ઘાસ, રેસ્ટોરા, હોટલ, લોજનો એઠવાડ, ઢોર ઢાખરથી પેદા થતો કચરો વગેરે | ઘર વપરાશમાં આવતા કાગળ, પુંઠા, પસ્તી પેકેજીંગના ખોખા, પ્લાસ્ટીકની થેલીઓ,પેકીંગ, રબ્બરના/પ્લાસ્ટીકના /રેક્ઝીનના, બુટ ચપ્પલ, લાકડાનો કચરો, લોખંડ કે ધાતુનો કચરો, કાચ વગેરે. | પેન્સીલ સેલ, બલ્બ, ટ્યુબલાઈટ, મચ્છર મારવાના રીપેલન્ટ ગટર સાફ કરવાના કેમીકલ્સ, જંતુનાશક દવાના ડબ્બા, કલરના ખાલી ડબ્બા/પીછીઓ, મુદત વીતી ગયેલ દવાઓ, ઈલેક્ટ્રોનીક વેસ્ટ કે જેમાં ફોન, સેલ ફોન, ટીવી, કોમ્પ્યુટર, વાહનનું ઓઈલ વગેરે. |

લેખન: વિજય રાખોલીયા, નાયબ પર્યાવરણ ઈજનેર
પી. જે. વાછાણી, વરિષ્ઠ પર્યાવરણ ઈજનેર
માર્ગદર્શન:- હાર્દિક શાહ, આઈએએસ, સભ્ય સચિવ
અરવિંદ અગ્રવાલ, આઈએએસ અધ્યક્ષ



# પ્રસ્તાવના

ભારત સરકારના પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલય (MOEF) દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ હેઠળ ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ ઘડવામાં આવેલ છે. જેમ ભારત સરકાર દ્વારા રચવામાં આવેલ પર્યાવરણ વિષયક અધિનિયમો અને નિયમો હેઠળ પ્રદૂષણની માત્રા ધરાવતા ઉદ્યોગોએ રાજય પ્રદુષણ નિયંત્રણ બોર્ડની વિવિધ મંજુરીઓ મેળવવી આવશ્યક છે. તેવી જ રીતે આ નિયમો હેઠળ ઘન કચરો પણ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનું ઓથોરાઇઝેશન મેળવવાનું હોય છે.

ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ રાજયમાં આવેલ તમામ સેન્સસ ટાઉન અર્થાત વસ્તી ગણતરી કરેલ ગામોને લાગુ પડે છે. આમ હવે આ નિયમોનો રાજયના તમામ વિસ્તારોમાં અમલ કરવો રહે છે. ઘન કચરા વ્યવસ્થાનનો સમાવેશ દરેક સ્થાનિક સંસ્થાની મુળભુત સેવાઓમાં અગ્ર ક્રમાંક આવે છે. ઘન કચરા વ્યવસ્થાપનનો મુળભુત આશય દરેક ગામને સ્વચ્છ રાખવાનો છે. કેન્દ્ર સરકારના સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા માટે ઘન કચરાના વ્યવસ્થાપનને નિયમોમાં ખુબ જ સરળ શબ્દોમાં છણાવટ કરેલ છે. આ નિયમો મુજબ રાજયના તમામ નાગરીકો કે જે કચરો ઉત્પન્ન કરનારની વ્યાખ્યામાં આવે છે. આ દરેક કચરો ઉત્પન્ન કરનારાઓએ (૧) બાયો ડીગ્રેડેબલ (૨) નોન બાયો ડીગ્રેડેબલ અને (૩) ઘર ગથ્થુ જોખમી કચરો અલગ અલગ પાત્રોમાં વિધટીત અવસ્થામાં રાખવાનો રહે છે, જેને સ્થાનીક સંસ્થાને અલગ અલગ અવસ્થામાંજ સોંપવાનો રહે છે. આમ આટલી મૂળભૂત ફરજ કચરો ઉત્પન્ન કરનાર બજાવશે તો મને ખાત્રી છે કે ઘન કચરા નિયમો-૨૦૧૬માં ઠરાવેલ લક્ષ્યાંકો ખુબજ સરળતાથી હાંસલ કરી શકાશે. કચરા વ્યવસ્થાપન કરનારા દરેક સ્થાનિક સંસ્થાઓને માતૃભાષામાં નિયમોની જોગવાઇઓનું પાલન કરવાનું માર્ગદર્શન મળી રહે તે માટે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ સદાય તત્પર રહે છે. બોર્ડના વિષય નિષ્ણાંતો દ્વારા આ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવેલ છે. તેઓનું લક્ષ લોકોના અંતરમન સુધી પહોંચી, ભારત દેશને સ્વચ્છ અને સુંદર બનાવવામાં સૌને સહભાગી કરવાનો છે.

રાજયના તમામ નાગરીકો અને સ્થાનિક સંસ્થાઓ આ માર્ગદશિકાનો બહોળા પાયે ઉપયોગ કરી શકે અને ઘન કચરાના વ્યવસ્થાપન અને નિકાલમાં પોતાની મુળભુત ફરજ બજાવી, પોતાના ઘર, વિસ્તાર, ગામ, શહેર, રાજય અને દેશને સ્વચ્છ રાખવામાં સહભાગી થઇ શકે તે હેતુથી આ પુસ્તિકાને પ્રસિધ્ધ કરવામાં આવેલ છે અને તે બોર્ડની વેબ સાઇટ www.gpcb.gov.in પર પણ મુકવામાં આવેલ છે.


હાર્દિક શાહ,IAS

સભ્યસચિવ,

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ

અરવિંદ અગ્રવાલ, આઇ.એ.એસ.
અધ્યક્ષ



# સંદેશ

દુનિયાના દરેક દેશોમાં ઘન કચરા વ્યવસ્થાપન અને નિકાલ સૌથી અગ્ર ક્રમાંકની સમસ્યા છે. તેમાં પણ વિકાસશિલ દેશોમાં અપુરતા સંસાધનો, અપુરતી લોકજાગૃતિ અને લોક ભાગીદારીના અભાવે ઘન કચરાના વ્યવસ્થાપની અને નિકાલની સમસ્યા દિન પ્રતિદિન વધતી જાય છે. વિકાસની સાથે તેની આડ પેદાશમાં વાયુ પ્રદુષણ, પાણી પ્રદુષણ અને ઘન પદાર્થોના પ્રદુષણનો સમાવેશ થાય છે. ગુજરાતમાં આવેલ ઔદ્યોગિક એકમો દ્વારા (આગલા અભિગમ) થી ઔદ્યોગિક વિસ્તારોમાંથી પેદા થતા જોખમી ઘન કચરાના વ્યવસ્થાપન માટે સંયુકત જોખમી કચરા નિકાલ વ્યવસ્થાઓ ઉભી કરી ઔદ્યોગિક ઘન કચરા વ્યવસ્થાપનનો પ્રશ્ન હલ કરેલ છે. આ કામગીરીમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ભૂમિકા અગત્યના માર્ગદર્શકની રહેલી હતી.

રાજયના તમામ ગામો/કસ્બાઓ/શહેરો/ઔદ્યોગિક વસાહતો/ઔદ્યોગિક સંકુલોમાં માનવીય રોજીંદી પ્રવૃત્તિથી પેદા થતા ઘન કચરાના વ્યવસ્થાપનમાં સુધારો લાવવો અત્યંત આવશ્યક જણાય છે. જેના પરીપાક રૂપે કેન્દ્ર સરકારા દ્વારા તાજેતરમાં જુના મ્યુનિસિપલ ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૦૦ની જગ્યાએ નવા ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ તથા બાંધકામ અને તોડફોડ કચરા નિયમો-૨૦૧૬ ઘડી કાઢી જાહેર કરેલ છે. આ નિયમોની જોગવાઇઓનો સનિષ્ઠત્તાથી અમલીકરણ કરવામાં આવે તો સમગ્ર દેશમાં ઘન કચરાની વિકરાળ સમસ્યા ઉભી થઇ રહેલ છે, તેને શરૂઆતથી જ હલ કરી શકાય તેવું અમારું ચોકકસપણે માનવું છે.

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનો આગલા અભિગમને આગળ ધપાવતાં, ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ના સુચારૂ અને સુદઢ અમલીકરણ માટે સરળ ભાષામાં માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવેલ છે. જેમાં ઘન કચરો ઉત્પન્ન કરનાર, ઘન કચરાનું વ્યવસ્થાપન કરનાર એમ બંનેને સાંકળતા વિષયો પર છણાવટા કરવામાં આવેલ છે. આ માર્ગદર્શિકા વિના મુલ્યે સૌને ઉપલબ્ધ થાય તે માટે તેને બોર્ડની વેબ સાઇટ www.gpcb.gov.in પર મુકવામાં આવેલ છે. જેથી સૌ કોઇ તેનો ઉપયોગ કરી રાજયને સ્વચ્છ અને સુંદર બનાવવામાં સહભાગી બની શકે.

અરવિંદ અગ્રવાલ, આઇ.એ.એસ.
અધ્યક્ષ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

## આવો સૌ સાથે મળીને કરીએ ઘન કચરાનું વ્યવસ્થાપન, પુન: વપરાશ અને આખરી નિકાલ

સજીવ સૃષ્ટીના સર્જન સાથે ઘન કચરાનો ઉદભવ એ ન નિવારી શકાય તેવી બાબત છે. દેશ અને દુનિયાના તમામ સજીવો એક યા બીજા પ્રકારે ઘન કચરો ઉત્પન્ન કરતા રહે છે. આ સજીવોમાં માનવી સૌથી વધુ ઉત્ક્રાંતિ કરે છે તેથી તેની સાથે સાથે સૌથી વધુ કચરો ઉત્પન્ન કરવામાં પણ અગ્રેસર છે. આ કચરાના જુદા જુદા પ્રકારોમાંથી ઘન કચરાનું વ્યવસ્થાપન એ અગત્યની કડી છે. કારણ કે, ઘન કચરામાંથી પ્રદૂષિત પાણી અને દુષિત હવા પણ નીકળે છે. જે પર્યાવરણને નુકસાન પહોંચાડે છે.

ઘન કચરાના વ્યવસ્થાપન માટે અનાદીકાળથી વિવિધ ઉપાયો અજમાવવામાં આવી રહેલ છે. જેમ જેમ વિકાસ વધતો ગયો તેમ તેમ ઘન કચરો ઉત્પન્ન થવાનો જથ્થો પણ વધતો ગયો. આપણા દેશમાં પણ છેલ્લા કેટલાક દશકાઓમાં વિકાસની હરણફાળની સાથે ઘન કચરાની સમસ્યા પણ મોટુ સ્વરૂપ લઈ રહેલ છે. અત્રે ધ્યાન દોરવુ જરૂરી છે કે, આજથી અમુક દશકાઓ પહેલાનો ઘન કચરો ક્યાં છે તેના વિષે કોઈ ખાત્રી પુર્વક કહી શકે તેવી સ્થિતીમાં નથી. છેલ્લા બે થી ત્રણ દશકાઓનો ઘન કચરો જ આપણી નજર સમક્ષ મોટા ઢગલાઓકે નાના ડુંગર સ્વરૂપે નજર આવી રહેલ છે. જો આ ઘન કચરાને યોગ્ય રીતે વ્યવસ્થાપન કરવામાં નહી આવે તો આવનારો સમય કપરો સાબીત થશે.

ઘન કચરાનું વ્યવસ્થાપન થોડા દશકા પહેલા ઉકરડાના માધ્યમથી કરવામાં આવતું હતું. ત્યારે શહેરો નાના હતા, નાગરીકો દ્વારા કચરો ઉત્પન્ન કરવાનું પ્રમાણ ઘણું જ ઓછુ હતુ અને તેથી આ ઉકરડાના માધ્યમથી ઘન કચરો નીકાલ થઈ શકતો હતો. વિકાસની સાથે સાથે હવે ઘન કચરો પેદા કરવાનું પ્રમાણ માથા દીઠ ૨૦૦ થી ૫૦૦ ગ્રામ પ્રતિ દિવસ સુધી પહોંચી ગયુ છે. નાગરીકોમાં ઘન કચરાના નિકાલ માટેની પુરતી જાગૃતિ નથી તેનું કારણ જાણવાના પ્રયત્નો કરતાં ધ્યાનમાં આવેલ છે કે, નાગરીકોમાં નવી વસ્તુ સ્વિકારવાની તૈયારી છે પરંતુ તેની આડ અસરો વિષે સંપુર્ણ બેદરકાર છે. તેથી જન જાગૃતિ ફેલાવવાના આશયથી આ માર્ગદર્શીકા તૈયાર કરવાનો એ નમ્ર પ્રયાસ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કરવામાં આવી રહેલ છે.

આ માર્ગદર્શીકા કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલ (૧) ઘન કચરા વ્યવસ્થાપન નિયમો- ૨૦૧૬ તથા બાંધકામ અને તોડફોડના કચરા નિયમો- ૨૦૧૬ને ધ્યાનમાં રાખીને ઘડી કાઢવામાં અવેલ છે. આ માર્ગદર્શીકા એક માધ્યમ છે આ માધ્યમને વધારેને વધારે લોકાભીમુખ અને સુદ્રઢ બનાવવા માટે આપના સુચનો આવકાર્ય છે.

<u>**કોણ કોણ જવાબદાર છે આ ઘન કચરાના યોગ્ય વ્યવસ્થાપન અને નીકાલ માટે ?**</u>

(અ) કચરો પેદા કરનાર દરેક એટલે દરેક વ્યક્તિ અથવા વ્યક્તિઓનાં સમૂહ, દરેક રહેણાક મકાન તથા, ભારતીય રેલવે, સંરક્ષણ સંસ્થાઓ સહિત બિન-રહેણાક સંસ્થાઓ, જે ઘન કચરો ઉત્પન્ન કરતી હોય; તેવા તમામની જવાબદારી છે કે કચરો પેદા થાય તે સ્થળે જ ત્રણ અલગ અલગ પ્રકારે છુટો પાડીને સંગ્રહ કરે જેમાં,

| | | |
|---|---|---|
| (૧) સડી શકે તેવા એટલે કે, બાયોડીગ્રેડેબલ કચરો લીલા કલરના પાત્રમાં | ૨) પુનઃ વપરાશ/ પુનઃ ચક્રિત થઈ શકે તેવો કચરો સફેદ કલરના પાત્રમાં અને | (૩) ઘરગથ્થું વપરાશની ચીજોમાંથી જોખમી કચરો કાળા કલરના પાત્રમાં રાખશે |
|  |  |  |

(બ) આ નિયમો, દરેક શહેરી સ્થાનિક સંસ્થા, ભારતીય રજિસ્ટ્રાર જનરલ અને વસ્તી ગણતરી કમિશનરે જાહેર કર્યા હોય તે પ્રમાણેનાં શહેરી સમૂહો, (સેન્સસ ટાઉન્સ) શહેરી સમુહોની હદ બહારની વસાહતો, જાહેર કરેલા [નોટીફાઇડ] વિસ્તારો, જાહેર [નોટીફાઇડ] કરેલી ઔદ્યોગિક નગર વસાહતો [ટાઉનશીપ્સ], ભારતીય રેલવે નાં વહિવટ હેઠળનાં વિસ્તારો, એરપોર્ટ, એરબેઝ, બંદર અને બંદર બારાઓ [હાર્બર્સ], સંરક્ષણ સંસ્થાનો (ડિફેન્સ એસ્ટાબ્લિશમેન્ટ), ખાસ આર્થિક વિસ્તારો [સ્પેશિયલ ઇકોનોમિક ઝોન], રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની સંસ્થાઓના વિસ્તારો, સંબંધિત રાજ્ય સરકાર દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવે તેવા તીર્થસ્થાનો, ધાર્મિક અને ઐતિહાસિક મહત્ત્વના સ્થળોને અને, પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ ઘડેલા અલગ નિયમો હેઠળ આવરી લીધા હોય તેવા ઔદ્યોગિક કચરા [ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટ્સ], જોખમી કચરા, જોખમી રસાયણો, જૈવિક તબીબી કચરા [બાયો-મેડિકલ વેસ્ટ્સ], ઇ-વેસ્ટ, લીડ એસિડ બેટરીઓ અને કિરણોત્સર્ગી કચરા [રેડિયોએક્ટિવ વેસ્ટ] સિવાયનાં, ઉપર્યુક્ત વિસ્તારોમાં આવેલા દરેક ઘરગથ્થુ, સંસ્થાકીય, વાણિજ્યિક અને અન્ય બિન-રહેણાક ઘન કચરા ઉત્પન્ન કરનારાઓ [નોન રેસિડેન્શિયલ સોલિડ વેસ્ટ જનરેટર] એવી તમામ સંસ્થાઓના વિસ્તારમાં આવેલ ઘન કચરો પેદા કરનારા તમામ જાહેર સ્થળો, બગીચાઓ, શેરીઓ, રસ્તાઓ પરથી ઉત્પન્ન થયેલ ઘન કચરો એકત્રીત કરવાની જવાબદારી સ્થાનિક તંત્રની છે. દરેક ઘરો/ વાણીજ્યક સંકુલો/ શૈક્ષણીક સંકુલો જેવા તમામ સ્થળોના ભોગવટો કરનારાઓએ ઉપર

(અ) માં દર્શાવેલ (૧) લીલા, (૨) સફેદ અને કાળા પાત્રોમાં રાખેલ કચરામાંથી (૧) લીલા તથા (૨) સફેદ પાત્રોમાંથી કચરો અલગ અલગ રીતે યોગ્ય વાહન/સાધન મારફતે એકત્ર કરી (૧) લીલા પાત્રના કચરાને ટ્રીટમેન્ટ માટે અને (૨) સફેદ પાત્રના કચરાને પુન: વપરાશ માટે મોકલી શકાય તેવી જગ્યાએ વહન કરીને લઈ જવાનો રહે છે. જ્યારે (૩) કાળા પાત્રમાં એકત્ર થયેલ ઘરગથ્થું જોખમી કચરાને સ્વીકારવા માટે ગામ/શહેર/કસ્બા/વસાહતમાં દર ૨૦ ચો.કી માં ઓછામાં ઓછુ એક સ્થળ બનાવવાનું રહેશે કે જ્યાં નાગરીકો પોતે જઈને આ કચરાને સોંપી શકે.

દેશના ઘણા ગામો/કસ્બાઓ/શહેરોમાં ઢોર ઢાખર ઉછેરવાના વ્યવસાય સામે સંકળાયેલ નાગરીકોનો વસવાટ છે. આ ઢોર ઢાખરની રોજીંદી પ્રવૃત્તિમાંથી પેદા થયેલ ઘન કચરો લીલા પાત્રમાં એકત્ર કરવાનો રહે છે.

કોઈ પણ જાહેર સ્થળ એટલે કે બાગ બગીચા, ક્રીડાગણો, જાહેર જનતાને ફરવાના સ્થળોએ સ્થાનિક સંસ્થાને લીલા અને સફેદ એમ બે પ્રકારના પાત્રો રાખવા યોગ્ય ગણાશે. આ ઉપરાંત બાગ બગીચા, રસ્તા પરના ઝાડપાન પરથી નિકળતો કચરો પણ લીલા પાત્રમાં એકત્ર કરી સુનિશ્ચિત સ્થળે વહન કરવાનો રહેશે. બાગ બગીચામાંથી નિકળતા પાન/ડાળવાઓને શક્ય હોય ત્યાં સુધી તેજ સ્થળે ખાતર બનાવવામાં વાપરવો જોઈએ.

## (3) ઘન કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૧૬માં ઉપયોગ થયેલ અગત્યના શબ્દોની સમજુતી.

૧ **"કચરા વ્યવસ્થાપનનો અગ્રતા ક્રમ" [વેસ્ટ હીરારકી]** એટલે અગ્રતા ક્રમ, જેમાં ઘન કચરાનાં વ્યવસ્થાપનમાં, કચરો ન થાય એ સૌથી વધારે પસંદ વિકલ્પ હોય, અને લેંડફિલ ખાતે નિકાલ ઓછામાં ઓછો થાય તે હેતુથી કચરો પેદા થતો રોકવા, ઓછો કરવા, પુન:ઉપયોગ, રીસાઇક્લીંગ, રીકવરી અને નિકાલ કરવાના ક્રમ પર ભાર આપવામાં આવે;

૨. **"એરોબિક કમ્પોસ્ટિંગ"** એટલે **કે એવી નિયંત્રિત પ્રક્રિયા કે જેમાં** પ્રાણવાયુ [ઓક્સીજન] ની હાજરીમાં કાર્બનિક દ્રવ્યનું માઇક્રોબિયલ કોહવાણ થાય;

3. **"એનેરોબિક ડાયજેશન"** એટલે કે એવી નિયંત્રિત પ્રક્રિયા કે જેમાં પ્રાણવાયુ [ઓક્સીજન] ની ગેરહાજરીમાં કાર્બનિક દ્રવ્યનું માઇક્રોબિયલ કોહવાણ થાય;

૪. **“જૈવ વિઘટનીય કચરો (બાયો ડિગ્રેડેબલ સ્ટ)”** એટલે જેને સૂક્ષ્મ સજીવો દ્વારા વધારે સરળ સ્થિર ઘટકમાં વિઘટન કરી શકાય તેવો કાર્બનિક પદાર્થ;



૫. **“બાયો-મિથેનેશન”** એટલે મિથેનથી ભરપુર બાયોગેસનું ઉત્પાદન કરવા માટેની માઇક્રોબિયલ પ્રક્રિયા કે જેના પરિણામે જૈવિક દ્રવ્યનું ઉત્સેચકીય કોહવાણ થાય;

૬. **“મધ્યવર્તી વિસ્તાર”** [બફર ઝોન] એટલે પ્રતિદિન ૫ ટનથી વધુ ક્ષમતા ધરાવતા ઘન કચરાના પ્રક્રિયા અને નિકાલ સુવિધાની આસપાસ જાળવવાનો બિન-વિકાસ વિસ્તાર [ઝોન ઓફ નો ડેવેલોપમેન્ટ]. આ વિસ્તાર ઘન કચરા પ્રક્રિયા અને નિકાલ સુવિધા માટે કુલ અને ફાળવેલા સમગ્ર વિસ્તારની ફરતે જાળવવાનો રહેશે;

૭. **“મોટા જથ્થામાં કચરો ઉત્પન્ન કરનાર [બલ્ક વેસ્ટ જનરેટર]”** એટલે દૈનિક ૧૦૦ કિ.ગ્રા.થી વધારે સરેરાશ કચરા ઉત્પાદન દર [એવરેજ વેસ્ટ જનરેશન રેટ] ધરાવતા કેન્દ્ર સરકારના વિભાગો અથવા સાહસો [અન્ડરટેકિંગ્સ], રાજ્ય સરકારના વિભાગો અથવા સાહસો, સ્થાનિક મંડળો, જાહેર ક્ષેત્રના સાહસો અથવા ખાનગી કંપનીઓ, હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો, શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, અન્ય શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્ટેલો, હોટેલો, વાણિજ્યિક સંસ્થાઓ, બજારો, પૂજાનાં સ્થાનો, સ્ટેડિયમ અને રમત-ગમત સંકુલો અને તેમનાં હેઠળનાં મકાનો;







૮. **“વસ્તી ગણતરી કરેલ નગર** (સેન્સસ ટાઉન્સ)” એટલે ભારત સરકારના વસ્તી ગણતરી આયુક્તના કુલસચિવ (રજિસ્ટ્રાર જનરલ એંડ સેંસસ કમિશનર ઓફ ઇંડિયા)એ વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેનો શહેરી વિસ્તાર;

૯. **"દહનશીલ કચરો" [કમ્બસ્ટિબલ વેસ્ટ]"** એટલે ૧૫૦૦ કિલોકેલોરી/કિલોગ્રામ થી વધારે કેલોરિફિક વેલ્યુ ધરાવતા જૈવ- અવિઘટનીય (નોન-બાયોડિગ્રેડેબલ), પુન: ચક્રિત ન થઈ શકે તેવો, જેનો પુન: વપરાશ ન થઈ શકે [નોન-રીયુઝેબલ], બિન-જોખમી [નોન-હેઝાર્ડ્સ] ઘન કચરો અને તેમાં પ્લાસ્ટિક, લાકડાનો માવો વગેરે જેવી અને ક્લોરીનેટ કરેલ વસ્તુઓનો સમાવેશ થતો નથી;



૧૦. **"કંમ્પોસ્ટીંગ"** એટલે એક નિયંત્રિત પ્રક્રિયા જેમાં કાર્બનિક દ્રવ્યનું માઇક્રોબિયલ કોહવાણ થતું હોય




૧૧. **"કો-પ્રોસેસિંગ" [સહ-પ્રક્રિયા]"** એટલે ઔદ્યોગિક પ્રક્રિયાઓમાં કુદરતી ખનીજ સંપત્તિઓ અને ફોસિલ [અશ્મિભૂત] બળતણોની જગ્યાએ વાપરવા અથવા તેમાં ઉમેરવા માટે કાચી માલસામગ્રી તરીકે, અથવા ઊર્જાના સ્રોત તરીકે, અથવા તે બંને હેતુ માટે, ૧૫૦૦ કિલો/કેલરી કરતાં વધારે કેલોરિફિક વેલ્યુ ધરાવતા જૈવ- અવિઘટનીય (નોન-બાયોડિગ્રેડેબલ) અને પુન: ચક્રણ ન થઈ શકે તેવા ઘન કચરાનો ઉપયોગ કરવો તે;

૧૨. **"વિકેન્દ્રિત પ્રક્રિયા"** **[ડીસેન્ટ્રલાઇઝ્ડ પ્રોસેસિંગ]** એટલે કચરાની હેરફેર ઘટાડવા માટે ઉત્પાદનના સ્રોતની સૌથી નજીક જૈવ- વિઘટનીય કચરાની પ્રક્રિયા અને પુન: ચક્રિત વસ્તુઓની પ્રાપ્તિ માટેની પ્રક્રિયાને મહત્તમ સ્તરે લઈ જવા માટે અલગ અલગ જગ્યાઓમાં પ્રક્રિયા અને નિકાલ સુવિધાઓની સ્થાપના;

૧૩. **"નિકાલ" [ડિસ્પોઝલ]"** એટલે ભૂજળ [ગ્રાઉન્ડ વોટર], જમીન સપાટી પરનું જળ, પરિસર હવાને દૂષિત થતા અટકાવવા અને પશુઓ કે પક્ષીઓને ત્યાં પ્રવેશતા અટકાવવા માટે અનુસૂચિ ૧ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે પ્રક્રિયા કર્યા પછીનો શેષ ઘન કચરો અને શેરી વાળવાનો કચરો અને જમીન સપાટી પરની ગટરોમાંનો જામેલા નિષ્ક્રિય કચરાનો આખરી અને સુરક્ષિત નિકાલ



૧૪. **"ઘરગથ્થુ જોખમી કચરો" [ડોમેસ્ટિક હેઝાર્ડસ વેસ્ટ]"** એટલે ઘરેલુ સ્તરે ઉત્પન્ન થયેલ કચરો જેવો કે ફેંકી દીધેલા રંગના પીપડા, જંતુનાશક કેન, સી.એફ.એલ. બલ્બ, ટ્યૂબ લાઇટ, મુદત વીતેલી દવાઓ, જેમાં પારો હોય તેવા તૂટેલા થર્મોમીટર, વપરાયેલ બેટરી, વપરાયેલ સોય અને સિરિંજ અને દૂષિત ગેજ વગેરે;




૧૫. **"દ્વારે દ્વારે જઈને એકત્રિકરણ" [ઘરે ઘરે ફરીને એકઠું કરવું/ડોર ટુ ડોર કલેક્શન]"** એટલે ઘરબારો, દુકાનો, વાણિજ્યિક સંસ્થાઓ, કચેરીઓ, સંસ્થાકીય અથવા અન્ય બિન-રહેણાંકી મકાનોનાં પગથિયેથી ઘન કચરાનું એકત્રીકરણ અને તેમાં, હાઉસિંગ સોસાયટી, બહુમાળી મકાનો [મલ્ટી સ્ટોરીડ બિલ્ડિંગ] અથવા એપાર્ટમેંટ્સ, વિશાળ રહેણાક, વાણિજ્યિક અથવા સંસ્થાકીય સંકુલ અથવા ઇમારતોમાં ભોંયતળિયા ઉપરના પ્રવેશ દરવાજા અથવા મુકરર સ્થળેથી આવા કચરાના એકત્રીકરણનો સમાવેશ થાય છે;

૧૬. **"સૂકો કચરો" [ડ્રાય વેસ્ટ]** એટલે જૈવ- વિઘટનીય અને શેરી વાળવાના નિષ્ક્રિય કચરા સિવાયનો અન્ય કચરો અને તેમાં, પુનઃ વપરાશ કરી શકાય અને પુનઃ વપરાશ ન કરી શકાય તેવો કચરો, દહનશીલ કચરો તથા સેનિટરી નેપકિન અને બાળોતીયા [ડાયપર્સ] વગેરેનો સમાવેશ થાય છે;

૧૭. **"ડમ્પ સાઇટ્સ" [કચરો નાંખવાના સ્થળો]"** એટલે સેનિટરી લેંડ ફિલિંગના સિદ્ધાંતોને અનુસર્યા વગર ઘન કચરાના નિકાલ માટે સ્થાનિક સત્તા દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી જમીનની જગ્યાઓ;



૧૮. **"નિષ્ક્રિય કચરો" [ઇનર્ટ]"** એટલે શેરી વાળવાનો કચરો અથવા ધૂળ અને સપાટી પરની ગટરમાંથી દૂર કરેલો કાંપ કે જે જૈવ- વિઘટનીય ન હોય, પુનઃ વપરાશ ન થઈ શકે અને દહનશીલ ન હોય;

૧૯. **"ઇન્સિનરેશન" [ભષ્મીકરણ]"** એટલે ઊંચા તાપમાને ઉષ્ણતાથી ઘન કચરાને સળગાવી કે બાળી નાંખીને નાશ કરવાની ઇજનેરી પ્રક્રિયા;

૨૦. **“અસંગઠિત કચરો એકઠો કરનાર / ઇન્ફોર્મલ વેસ્ટ કલેક્ટર”** એટલે પુન: વપરાશ કરી શકાય તેવી વસ્તુઓનાં વર્ગીકરણ, વેચાણ અને ખરીદી અને તે પ્રકારનાં કામ સાથે સંકળાયેલ વ્યક્તિ, સમૂહ કચરા-ભંગાર-પસ્તીનાં વેપારી;

૨૧. **“માલસામગ્રી પુન:પ્રાપ્તિ સુવિધા””” (મટીરિયલ્સ રીકવરી ફેસિલિટી)** એટલે અધિકૃત એવા અવિધિસરના કચરો ઉપાડનારાઓ, અવિધિસરની પુન: ચકાસણી કરતી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થા કે, નિયમ-૨માં આ હેતુ માટે દર્શાવેલ સત્તા, નક્કી કરેલ કામદારોના સમુહ, દ્વારા ભેગા કરેલ કચરામાંથી પુન: વપરાશ યોગ્ય વસ્તુઓના વર્ગીકરણ, વિભાજન અને પુન: પ્રચલિત થઈ શકે તે માટે સ્થાનિક સત્તા કે નિયમ-૨માં દર્શાવેલ અન્ય કોઈ સંસ્થા કે વ્યક્તિ કે તેઓ દ્વારા પ્રમાણીત કોઈ એજન્સી દ્વારા આવા અદહનશીલ કચરાનો કામચલાઉ સંગ્રહ થઈ શકે તેવી સુવિધા.

૨૨. **“જૈવ અવિઘટનીય કચરો (નોન-બાયોડીગ્રેડેબલ વેસ્ટ)””** એટલે તેવો કોઈ પણ કચરો જેનું સૂક્ષ્મ સજીવો [માઇક્રો ઓર્ગેનિઝમ] દ્વારા વધારે સરળ સ્થિર ઘટકમાં કોહવાણ ન કરી શકાય;

૨૩. **“સુવિધાનો સંચાલક” [ઓપરેટર ઓફ એ ફેસિલીટી]”** એટલે ઘન કચરાના વ્યવસ્થાપન માટેની સુવિધાના માલિક અથવા તેને ચલાવતી હોય તેવી વ્યક્તિ અથવા એકમ [એન્ટીટી], જેમાં સ્થાનિક સંસ્થા અને સ્થાનિક સંસ્થાએ નીમેલ અન્ય એકમ અથવા એજન્સીનો પણ સમાવેશ થાય છે;

૨૪. **“પ્રાથમિક એકત્રીકરણ” [પ્રાયમરી કલેક્શન]”** એટલે ઘરબારો, દુકાનો, કચેરીઓ અને અન્ય બિન-રહેણાક જગ્યાઓનાં કચરાને તે પેદા થવાનાં મૂળ સ્રોતથી અથવા સ્થાનિક સત્તાએ નિર્દિષ્ટ કરેલા સ્વીકાર કેન્દ્ર અથવા કોઇ અન્ય સ્થળેથી વર્ગીકરણ કરી વિભાજીત કરેલા ઘન કચરાને એકઠો કરવો, ઉંચકવો અથવા લઈ જવો;

૨૫. **“પ્રક્રિયા (પ્રોસેસિંગ)”** એટલે, વર્ગીકરણ કરી વિભાજિત કરેલ ઘન કચરાનાં ફેરવપરાશ, રીસાઇક્લીંગ અથવા નવી પેદાશોમાં રૂપાંતર કરવાના હેતુથી કરવામાં આવતી કોઈ પણ વૈજ્ઞાનિક પ્રક્રિયા;

૨૬. **“પુન:ચક્રણ (રીસાઇકલિંગ)””** એટલે વર્ગીકરણ કરી વિભાજિત કરેલ જૈવ- અવિઘટનીય ઘન કચરાને નવી વસ્તુ કે પેદાશમાં અથવા નવી પેદાશ બનાવવાના કાચા માલ તરીકે, કે જે તેની મૂળ પેદાશોને સમાન હોય કે ન પણ હોય;

૨૭. **"કચરામાંથી મેળવેલ બળતણ" [રીફ્યુઝ્ડ ડિરાઇવ્ડ ફ્યુઅલ]"** એટલે, ક્લોરીનેટ કરેલ વસ્તુઓ સિવાયના, પ્લાસ્ટિક, લાકડા, માવો અથવા જૈવિક કચરામાંથી મેળવેલ ઘન કચરાને સૂકવીને, કાપીને, જલશોષિત અને ઘટ્ટ કરેલ, પેલેટ્સ અથવા ભુસાના સ્વરૂપમાં, કચરાનાં દહ્નશીલ અવશેષમાંથી ઉત્પાદિત બળતણ;



૨૮. **"શેષ ઘન કચરો" [રેસિડ્યુઅલ સોલિડ વેસ્ટ/બાકી રહેલ ઘન કચરો]"** એટલે રીસાઇક્લીંગ કે તે પછીની પ્રક્રિયા કરવા માટે યોગ્ય ન હોય તેવા, ઘન કચરા પ્રક્રિયા સુવિધાઓમાંથી વધેલ કચરો અને અવશેષો;

૨૯. **"સેનિટરી કચરો""** એટલે વપરાયેલ ડાઇપર, સેનિટરી ટુવાલ અથવા નેપકિન, ટેમ્પોન, કંડોમ, ઇન્કન્ટીનન્સ શીટ અને અન્ય એ પ્રકારનો કચરો;

૩૦. **"વર્ગીકરણ" [સેગ્રેગેશન]"** એટલે, ખેતી અને ડેરીના કચરા સહિતનાં જૈવ- વિઘટનીય કચરા, પુન: વપરાશ થઈ શકે તેવા કચરા તથા જૈવ- વિઘટન ન થઈ શકે તેવા કચરા, પુન: વપરાશ માટે યોગ્ય ન હોય તેવા દહ્નશીલ કચરા, સેનિટરી કચરા અને પુન: વપરાશ ન થઈ શકે તેવા નિષ્ક્રિય કચરા, ઘરગથ્થુ જોખમી કચરા અને બાંધકામ અને તોડફોડનાં કચરા જેવા ઘન કચરાના વિવિધ ઘટકોમાંથી વર્ગીકરણ પ્રમાણે વીણી અને અલગ કરવાની પ્રક્રિયા;

૩૧. **"ઘન કચરો" [સોલિડ વેસ્ટ]"** એટલે ઘન અથવા અર્ધ-ઘન ઘરેલુ કચરો, સેનિટરી કચરો, વાણિજ્યિક કચરો, સંસ્થાકીય કચરો, ખાણીપીણી અને બજારનો કચરો અને અન્ય બિન-રહેણાક કચરો, શેરી વાળવાનો કચરો, જમીનની સપાટી પરની ગટરોમાંથી દૂર કરેલો અથવા એકત્રિત કરેલ જામેલો થર, બાગાયતી કચરો, કૃષિ અને ડેરીનો કચરો, તથા સ્થાનિક સત્તા અને નિયમ-૨ માં જણાવેલ અન્ય સત્તા હેઠળના વિસ્તારમાં ઉત્પન્ન થયેલ ઔદ્યોગિક કચરા, જૈવિક-તબીબી કચરા [બાયોમેડિકલ વેસ્ટ] અને ઇ-વેસ્ટ, બેટરીનાં કચરા, રેડિયોએક્ટિવ કચરા, પ્રક્રિયા કરેલ જૈવિક-તબીબી કચરા [ટ્રીટેડ બાયો-મેડિકલ વેસ્ટ] સિવાયના કચરા;

૩૨. **"વર્ગીકરણ"** એટલે પુન: વપરાશને સરળ બનાવવા માટે યોગ્ય હોય તેવા મિશ્રિત થયેલ કચરામાંથી કાગળ, પ્લાસ્ટિક, પૂંઠા, ધાતુ, કાચ, વગેરે, જેવી રીસાઇકલ કરી શકાય તેવી વસ્તુઓને વિભિન્ન ઘટકો પ્રમાણે અલગ કરવા;

૩૩. **“રસ્તામાં વેચનાર/શેરીમાંના વિક્રેતા”** [સ્ટ્રીટ વેંડર] એટલે રસ્તા, શેરી, ગલી, બાજુના ચાલવાના માર્ગ, ફુટપાથ, પાકી પગદંડી, જાહેર ઉદ્યાન અથવા અન્ય જાહેર સ્થળ અથવા ખાનગી વિસ્તારમાં કામચલાઉ બાંધેલ માળખામાંથી અથવા એક સ્થળથી બીજા સ્થળે ફરીને સામાન્ય પ્રજાજનોને વસ્તુ, માલ, વેચાણ માટેની ચીજો, ખાદ્ય વસ્તુઓ અથવા દૈનિક વપરાશનો માલ વેચનાર અથવા તેવી કામ કરનાર વ્યક્તિ અને તેમાં, લારી વાળા [હોકર], ફેરીયા [પેડલર], જગ્યા દબાણ કરનાર [સ્ક્વોટર] અને સ્થાનિક કે પ્રાદેશિક રીતે વિશિષ્ટ હોઇ શકે તેવા અન્ય તમામ સમાનાર્થી શબ્દનો સમાવેશ થાય છે; “રસ્તામાં વેચનાર/શેરીમાંના વિક્રેતા” એ શબ્દનો, તેના વ્યાકરણીય ભિન્નતાઓ અને સજાતીય શબ્દપ્રયોગ સાથે, તદનુસાર અર્થ કરવાનો રહેશે;

૩૪. **“ટિપિંગ ફી””** એટલે કચરા પર પ્રક્રિયા અથવા લેંડફિલ ખાતે શેષ ઘન કચરાના નિકાલ સુવિધાનો ઇજારો ધરાવનાર અથવા સંચાલકને સ્થાનિક સત્તાએ અથવા રાજ્ય સરકારે અધિકૃત કરેલ રાજ્યની એજંસીએ નિર્ધારિત કર્યા પ્રમાણે ચૂકવવાની ફી અથવા ટેકારૂપ ભાવ;

૩૫. **“ટ્રાંસફર સ્ટેશન”** એટલે એકત્રીકરણ કરવાનાં વિસ્તારોમાંથી ઘન કચરો મેળવવા અને કચરા પ્રક્રિયા અને, અથવા, નિકાલ સુવિધાઓને બંધ વાહનો અથવા પાત્રો [કંટેઇનર]માં મોટા જથ્થામાં હેરફેર કરવા માટે ઊભી કરેલ સુવિધા;

૩૬. **“પરિવહન/હેરફેર”** એટલે દુર્ગંધ, ગંદવાડ અથવા અણગમતી સ્થિતિ ઉભી થતી નિવારી શકાય તેવી રીતે ખાસ ડિઝાઇન કરેલ, અને ઢાંકેલ સ્થિતિમાં, પર્યાવરણીય સંગીન રીતે એક સ્થળથી બીજા સ્થળ સુધી પ્રક્રિયા કરેલ, આંશિક પ્રક્રિયા કરેલ અથવા પ્રક્રિયા ન કરેલ ઘન કચરાનું પરિવહન;

૩૭. **“શુદ્ધીકરણ” [ટ્રીટમેંટ]”** એટલે કોઈ પણ કચરાની ભૌતિક, રાસાયણિક અથવા જૈવિક લાક્ષણિકતાઓને અથવા રચનામાં પરિવર્તન લાવવા માટેની પદ્ધતિ, તકનિક અથવા પ્રક્રિયા, જેથી કરીને તેનું કદ અને તેના દ્વારા પર્યાવરણને નુકસાન થવાની શક્યતા ઘટે તેવી કામગીરી;

૩૮. **“યુઝર ફી””** એટલે ઘન કચરાનાં એકત્રીકરણ, હેરફેર, પ્રક્રિયા અને નિકાલની સેવાઓ પૂરી પાડવાનાં સંપૂર્ણ અથવા આંશિક ખર્ચને આવરી લેવા માટે કચરો ઉત્પન્ન કરનાર પર સ્થાનિક સત્તાએ અથવા નિયમ ૨ માં ઉલ્લેખિત અન્ય સત્તાએ લાદેલી ફી;

૩૯. **“કચરો એકત્ર કરનાર” [વેસ્ટ પીકર]** એટલે તે વ્યક્તિ કે વ્યક્તિઓનું જૂથ, જે પોતાના જીવનનિર્વાહ માટે અસંગઠિત/અનૌપચારિક રીતે રસ્તા, કચરાપેટી, મટીરીયલ રીકવરી સુવિધાઓ, પ્રક્રિયા અને ઘન કચરા નિકાલની સુવિધાઓમાં ઉત્પન્ન થતા, ફેરવપરાશ કરી શકાય તેવા, અથવા રીસાઇકલ કરી શકાય તેવા, ઘન કચરાને કચરાનાં મૂળ સ્રોતમાં એકત્રિત કરી અને જાતે અથવા વચોટીયા દ્વારા રીસાઇકલ કરવા વાળાને વેચવાનું કામ કરતા હોય;

**(૧) દરેક કચરો ઉત્પન્ન કરનારે -**

(ક) તેમણે ઉત્પન્ન કરેલ કચરાને જૈવ-વિઘટનીય, જૈવ-અવિઘટનીય, ઘરગથ્થુ જોખમી કચરામાં, એમ ત્રણ ભિન્ન સ્રોતમાં અલગ કરી અને તેનો યોગ્ય પાત્રમાં સંગ્રહ કરશે તથા સ્થાનિક સત્તાએ વખતોવખત આપેલા આદેશ અથવા જાહેરનામા પ્રમાણે અધિકૃત કચરો ઉપાડનાર અથવા કચરો એકત્રિત કરનારને વર્ગીકરણ કરી વિભાજિત કરેલ કચરો આપશે;

(ખ) વપરાઈ ગયેલ સેનિટરી કચરા, જેવા કે બાળોતીયા, સેનિટરી પેડ, વગેરેને, ઉત્પાદક અથવા બ્રાન્ડ માલિકે તે વસ્તુ માટે આપેલ પાઉચમાં અથવા યોગ્ય વસ્તુમાં, જે રીતે સ્થાનિક સત્તાએ સૂચિત કરેલ છે તે પ્રમાણે સુરક્ષિત રીતે વીંટશે અને તેને સૂકા કચરા કે જૈવ-અવિઘટનીય કચરા માટેનાં પાત્રમાં મૂકશે;

(ગ) બાંધકામ અને તોડફોડનો કચરો જેવો અને જ્યારે ઉત્પાદિત થાય તેવો પોતાની જગ્યા પર જ અલગથી સંગ્રહ કરશે અને તેનો નિકાલ બાંધકામ અને તોડફોડનાં કચરાનાં વ્યવસ્થાપન નિયમો, ૨૦૧૬ અનુસાર કરશે.

(ઘ) પોતાની જગ્યા પર ઉત્પન્ન થયેલ બાગાયતી અને બગીચાનાં કચરાને પોતાની જગ્યા પર જ અલગથી સંગ્રહ કરશે અને તેનો નિકાલ સ્થાનિક સંસ્થા વખતો વખત જે રીતે સૂચના આપે તે પ્રમાણે કરશે.

**(૨) કોઈ પણ કચરો પેદા કરનાર, તેણે ઉત્પન્ન કરેલ ઘન કચરાને શેરીઓ, પોતાની જગ્યાની બહારની ખુલ્લી જાહેર જગ્યાઓમાં અથવા ગટર કે જલાશયોમાં ફેંકી, બાળી કે દાટી શકશે નહી.**

(૩) પ્રત્યેક કચરો ઉત્પન્ન કરનાર, ઘન કચરાનાં વ્યવસ્થાપન માટે સ્થાનિક સંસ્થાઓના પેટા-કાયદાઓમાં નિર્દિષ્ટ કરેલ હોય તે પ્રમાણે યુઝર ફી ચૂકવશે.

(૪) કોઈ પણ વ્યક્તિ ઓછામાં ઓછા ત્રણ કામકાજના દિવસ અગાઉ સ્થાનિક સત્તાને જાણ કર્યા વગર કોઈ પણ પરવાનગી ન આપેલ સ્થળે એક સો થી વધારે વ્યક્તિઓ ભેગા થાય તેવો પ્રસંગ ગોઠવશે નહિ અથવા તેવું આયોજન કરશે નહિ અને આવી વ્યક્તિ કે આવા પ્રસંગનો વ્યવસ્થાપક એ સુનિશ્ચિત કરશે કે કચરાનું વર્ગીકરણ તેનાં મૂળ સ્થળે થાય અને વર્ગીકરણ કરી વિભાજિત કરેલ કચરો સ્થાનિક સંત્તાએ જે રીતે નિર્દેશિત કરેલ હોય તે પ્રમાણે કચરો એકઠો કરનાર અથવા એજન્સીને સોંપવામાં આવે.

(૫) દરેક શેરી વિક્રેતા ખાણીપીણીનો કચરો, ડિસ્પોઝિબલ પ્લેટ, કપ, કેન, વેષ્ટન, નાળીયેરની કાચલીઓ, બાકી બચેલ ખાદ્યપદાર્થ, શાકભાજી, ફળ વગેરે જેવા પોતાનાં ધંધાકીય પ્રવૃત્તિ દરમિયાન પેદા થયેલ કચરાના સંગ્રહ માટે યોગ્ય પાત્રો રાખશે અને આવો કચરો સ્થાનિક સંત્તાએ જાહેર કરેલ કચરા સંગ્રહ ડેપો અથવા પાત્રો અથવા વાહનોમાં જમા કરાવશે.

(૬) દરેક નિવાસી કલ્યાણ અને બજાર સંગઠન આ નિયમોના જાહેરનામાની તારીખથી એક વર્ષની અંદર અને સ્થાનિક સંત્તાનાં સહયોગથી એ સુનિશ્ચિત કરશે કે આ નિયમોમાં દર્શાવેલ છે તે પ્રમાણે કચરો પેદા કરનાર દ્વારા તેનાં મૂળ ઉત્પત્તિસ્થળે કચરાનાં વર્ગીકરણનું કામ, તથા વર્ગીકરણ કરી વિભાજિત કરેલા કચરાને અલગ સ્રોતોમાં એકત્રિત કરવાનું કામ સરળ બને, પુનઃ વપરાશ યોગ્ય વસ્તુઓ અધિકૃત કચરા ઉઠાવનાર અથવા અધિકૃત રીસાઇક્લરને સોંપવામાં આવે. જૈવ-અવિઘટનીય કચરાની કમ્પોસ્ટિંગ અથવા બાયો-મિથેનેશન દ્વારા પ્રક્રિયા, શુદ્ધીકરણ (ટ્રીટમેન્ટ) અને નિકાલ શક્ય હોય ત્યાં સુધી મકાનોની અંદર કરવાના રહેશે. શેષ કચરો, કચરો એકત્રિત કરનાર અથવા સ્થાનિક સંત્તાએ આદેશ કરેલ હોય તે પ્રમાણેની એજન્સીને આપવાનો રહેશે.

(૭) ૫૦૦૦ ચો. મીટર થી વધારે ક્ષેત્રફળ ધરાવતા સમુદાયો અથવા સંસ્થાઓ, એ સુનિશ્ચિત કરશે કે આ નિયમોના જાહેરનામાની તારીખથી એક વર્ષની અંદર અને સ્થાનિક સંત્તાનાં સહયોગથી, આ નિયમોમાં ઠરાવ્યા પ્રમાણે કચરો ઉત્પન્ન કરનારાઓ દ્વારા કચરાનું વર્ગીકરણ કચરાનાં ઉત્પત્તિસ્થાને કરવાનું કામ, તથા અલગ સ્રોતોમાં વર્ગીકરણ કરી વિભાજિત કરેલ કચરાને એકત્રિત કરવાનું કામ સુવિધાજનક બને, અને પુનઃ વપરાશ કરી શકાય તેવી વસ્તુઓ અધિકૃત કચરો ઉઠાવનાર અથવા અધિકૃત રીસાઇક્લરને સોંપવામાં આવે. જૈવ-અવિઘટનીય કચરાની કમ્પોસ્ટિંગ અથવા બાયો-મિથેનેશન દ્વારા પ્રક્રિયા શુદ્ધીકરણ (ટ્રીટમેન્ટ) અને નિકાલ, શક્ય હોય ત્યાં સુધી મકાનોની અંદર કરવાના રહેશે. શેષ કચરો, કચરો એકત્રિત કરનાર અથવા સ્થાનિક સંસ્થાએ આદેશ કરેલ હોય તે પ્રમાણેની એજન્સીને આપવાનો રહેશે.

(૮) દરેક હોટેલ અને રેસ્ટોરાં, એ સુનિશ્ચિત કરશે કે આ નિયમોના જાહેરનામાની તારીખથી એક વર્ષની અંદર અને સ્થાનિક સંત્તાનાં સહયોગથી, આ નિયમોમાં ઠરાવ્યા પ્રમાણે કચરો ઉત્પન્ન કરનારાઓ દ્વારા કચરાનું વર્ગીકરણ કચરાનાં ઉત્પત્તિસ્થાને કરવાનું કામ, તથા અલગ સ્રોતોમાં વર્ગીકરણ કરી વિભાજિત કરેલ કચરાને એકત્રિત કરવાનું કામ સુવિધાજનક બને, અને પુનઃ વપરાશ કરી શકાય તેવી વસ્તુઓ અધિકૃત કચરો ઉઠાવનાર અથવા અધિકૃત રીસાઇક્લરને સોંપવામાં આવે. જૈવ-

અવિઘટનીય કચરાની કમ્પોસ્ટિંગ અથવા બાયો-મિથેનેશન દ્વારા પ્રક્રિયા શુદ્ધીકરણ (ટ્રીટમેન્ટ) અને નિકાલ, શક્ય હોય ત્યાં સુધી મકાનોની અંદર કરવાના રહેશે. શેષ કચરો, કચરો એકત્રિત કરનાર અથવા સ્થાનિક સંત્તાએ આદેશ કરેલ હોય તે પ્રમાણેની એજન્સીને આપવાનો રહેશે.

કેન્દ્ર સરકારના તથા રાજ્ય સરકારના વિવિધ વિભાગો ખાતાઓ/ કચેરીઓ ઘન કચરા વ્યવસ્થાપન નિયમોના અમલીકરણની કામગીરીમાં વિવિધ તબક્કે સંકળાયેલ છે તેમાંથી અગત્યના કેન્દ્ર સરકારના વિભાગોમાં પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, શહેરી વિકાશ મંત્રાલયના રસાયણ અને ખાતર મંત્રાલયના ખાતા વિભાગ, ખેતીવાડી મંત્રાલય, પાવર મંત્રાલય, **ન્યુ એંડ રિન્યુએબલ એનર્જી સોર્સેઝ** મંત્રાલયનો શમાવેશ થાય છે. જેમાં વિવિધ તબક્કે અને વિવિધ મુદ્દાઓના સંકલનની જવાબદારી સંભાળે છે.

જ્યારે રાજ્ય સ્તરના શહેરી વિકાસ વિભાગ, જીલ્લા સમાહર્તા કે તેને સમકક્ષ, અધિકારી, ગ્રામીણ તથા પંચાયત વિભાગને આ નિયમોના અમલીકરણમાં વિવિધ તબક્કોમાં જવાબદારી સોંપવામાં આવેલ છે.

તેવી જ રીતે કાન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને રાજ્યના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને પણ આ નિયમો અન્વયેની જવાબદારી સોંપવામાં આવેલ છે. તે પૈકી રાજ્યના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને રાજ્યમાં આ નિયમોના અસરકારક અમલીકરણ માટે

(એ) સ્થાનિક સંસ્થા મારફતે રાજ્યમાં આ નિયમોનું અમલીકરણ કરાવશે અને વર્ષમાં ઓછામાં ઓછી બે વખત સંબંધિત નગરપાલિકાના નિયામકશ્રી અને રાજ્યના શહેરી વિકાસ વિભાગના સચિવશ્રીના ઘનિષ્ઠ પરામર્શમાં રહી આ નિયમોના અમલીકરણ અંગે સમીક્ષા કરશે.

(બી) કચરા પ્રક્રિયા અને નિકાલ સુવિધાઓની જગ્યા માટે અનુસૂચિ- ૧ અને અનુસૂચિ ૨ માં ઠરાવ્યા પ્રમાણેના પર્યાવરણીય ધારા–ધોરણો અને શરતોનું અનુસરણ થાય છે કે નહિ તે વિશે દેખરેખ રાખશે;

(સી) સ્થાનિક સત્તા અથવા સ્થાનિક સત્તા દ્વારા અધિકૃત અન્ય કોઈ એજન્સીમાંથી મળેલ અધિકૃતિ મેળવવા માટેની ફોર્મ ૧ માં કરેલ અરજીમાંનાં પ્રસ્તાવોનું પરીક્ષણ કરશે અને યોગ્ય જણાય તેવી પૂછપરછ કરશે;

(ડી) સમયની અંદર સ્થાનિક સત્તા અથવા સુવિધાનાં પ્રચાલક અથવા સ્થાનિક સત્તા દ્વારા અધિકૃત અન્ય કોઈ એજન્સીને અધિસૂચિ ૧ અને ૨ માં દર્શાવેલ માનદંડો અને પર્યાવરણીય ધારાધોરણો, તથા જો આવશ્યક હોય તો અન્ય શરતો, નાં અનુપાલનનો આદેશ સૂચિત કરી ફોર્મ ૨ માં અધિકૃતિ આપશે;

(ઈ) ઉપર્યુક્ત અધિકૃતિની માન્યતાનો સમયગાળો અન્ય મંજૂરીઓનાં સમયગાળા સાથે સમકાલીન કરશે;

(ફ) જો સ્થાનિક સત્તા કે સુવિધાનો સંચાલક નિયત શરતો મુજબ સુવિધાનું સંચાલન કરવામાં નિષ્ફળ જાય તો કલમ (એ) હેઠળ આપવામાં આવેલ અધિકૃતતા સ્થગિત અથવા રદબાતલ કરશે;
ઉપરોક્ત બાબતે સ્થાનિક સંસ્થા કે સંચાલકને નોટીસ આપ્યા વગર આવી કોઇ અધિકૃતતાની અરજી સ્થગિત કે રદબાતલ કરી શકાશે નહિ.

(જી) રીન્યુઅલ માટેની અરજી મળ્યેથી, દરેક અરજીની યોગ્યતાનું પરીક્ષણ કરીને અને સુવિધાનાં સંચાલકે નિયમોની જોગવાઇઓ તેમજ અધિકૃતતા, કન્સેન્ટ અને પર્યાવરણીય મંજૂરીમાં ઠરાવેલ ધારા-ધોરણો અને શરતોનું પાલન કરેલ છે કે નહિ તેનું પરીક્ષણ કર્યા બાદ અધિકૃતતાને પછીનાં પાંચ વર્ષ માટે રીન્યુ કરશે.

(એચ) રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અથવા પ્રદૂષણ નિયંત્રણ સમિતિ અરજી કરનારને સુનાવણી માટે યોગ્ય તક આપ્યા પછી અને તેનાં કારણોની લેખિત નોંધ રેકર્ડ કરીને, અધિકૃતતા આપવા કે તે રીન્યુ કરવા માટેની અરજીને નામંજૂર કરી શકશે.

(આઈ) નવી ટેક્નોલોજી, કે જેનાં વિષે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, રાજ્ય પ્રદૂષણ બોર્ડ કે પ્રદૂષણ નિયંત્રણ સમિતિ દ્વારા ધારાધોરણો હજી સુધી નિર્દિષ્ટ ન થયા હોય, તેવા કિસ્સામાં કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો ધારાધોરણો નિર્દિષ્ટ કરવા માટે સંપર્ક કરશે.

(જે) રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને જ્યાં લાગુ પડતું હોય ત્યાં, પ્રદૂષણ નિયંત્રણ સમિતિ જરૂર જણાય ત્યારે; પરંતુ વર્ષમાં ઓછામાં ઓછા એક વખત શુદ્ધીકરણ (ટ્રીટમેન્ટ) તકનિકના મંજૂર કરેલ કે નિયત ધારાધોરણો, અધિકૃતતામાં દર્શાવેલ શરતો તેમજ આ નિયમોની અનુસૂચિ- ૧ અને અનુસૂચિ ૨ માં દર્શાવેલ ધોરણોનું પાલન થાય છે કે નહિ તેની ચકાસણી કરશે.

(કે) રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કે જયાં લાગુ પડતું હોય ત્યાં, પ્રદૂષણ નિયંત્રણ સમિતિ કચરો પેદા કરનાર દ્વારા જોખમી કચરા એક્ત્રીકરણ કેન્દ્રમાં જમા કરવામાં આવતા ઘરગથ્થુ જોખમી કચરાના સુરક્ષિત જાળવણી અને નિકાલ માટે સ્થાનિક સત્તાને દિશા-સૂચનો આપી શકે છે.

(એલ્) રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અથવા પ્રદૂષણ નિયંત્રણ સમિતિ કચરાના આંતરારાજ્ય હેરફેરનું નિયમન કરશે.

રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આ નિયમોનો ભંગ કરનારની સામે સક્ષમ અદાલતમાં પર્યાવરણ સુરક્ષા ધારો- ૧૯૮૬ની કલમ ૧૫ હેઠળ ગુનો દાખલ કરવા માટેની જવાબદારી સોંપવામાં આવેલ છે.

**આ નિયમોના અસરકારક અમલીકરણમાં સ્થાનિક સંસ્થાની ખુબજ અગત્યની જવાબદારી છે. આ જવાબદારી મુજબ દરેક સ્થાનિક સંસ્થાઓએ :-**

(૧) રાજ્યની નીતી અને વ્યુહ રચના પ્રમાણે ઘન કચરા વ્યવસ્થાપનની વ્યુહ રચના છ માસની અંદર તૈયાર કરવી અને તેની નકલો રાજ્યના સંલગ્ન વિભાગોને આપવી.

(૨) હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ રહેણાંકો જેવા કે ઝુપડપટ્ટી અને અસ્થાઈ ઝુપડાઓ, વાણીજ્યિક, સંસ્થાકીય અને અન્ય બિન રહેણાંક વિસ્તાર, બહુમાળી મકાનો, મોટા વાણીજ્યક સંકુલો, મોલ્સ, રહેણાંકના સંકુલો વગેરે જગ્યાએથી ઘન કચરાના ડોર-ટુ-ડોર કલેક્શન (ઘેર-ઘેર એકત્રીકરણ) માટેની વ્યવસ્થા કરવી. આ માટે પ્રવેશ દ્વાર કે અન્ય કોઈ નક્કી કરેલા સ્થળેથી કચરાને એકત્ર કરવો.

(૩) હકુમત હેઠળના વિસ્તારમાં કચરો વિણનારાઓ કે, કચરો એકત્ર કરનારાઓની યાદી બનાવી તેને અલગ તારવવી અને આ સંસ્થાઓને માન્ય એજન્સી તરીકેની નોંધણી કરવાની વ્યવસ્થા ઉભી કરી ઘન કચરાના વ્યવથાપનમાં સાંકળવા તેમજ ડોર ટુ ડોર કલેક્શનમાં પણ તેમની સેવાનો ઉપયોગ કરવો.

(૪) સ્વયં સેવી સંસ્થાઓ / જુથોનું ગઠન કરી તેમને ઓળખપત્ર પુરા પાડવા અને આવા જુથોને ઘન કચરા વ્યવથાપનમાં ડોર ટુ ડોર કલેક્શન સહિતની કામગીરીમાં સાંકળવા.

(૫) ઘન કચરા વ્યવથાપન બાબતના પેટા નિયમો આ નિયમો જારી થયાના ૧ વર્ષમાં ઘડી કાઢવા અને તેનુ અમલીકરણ સમય મર્યાદામાં કરવું (તા. ૦૭/૦૪/૨૦૧૭ સુધીમાં).

(૬) ઘન કચરો પેદા કરનાર પાસેથી યોગ્ય ખર્ચ વસુલ કરવા માટે સ્વયં અથવા તો માન્યતા ધરાવતી સંસ્થા મારફતે ખર્ચ વસુલવો.

(૭) ઘન કચરો પેદા કરનારાઓને કોઈ પણ જગ્યાએ કોઈપણ પ્રકારે ઘન કચરાનો નિકાલ ન કરવા માટેના આદેશો આપવા. આ કચરામાં કાગળ, પાણીની બોટલ, પ્રવાહીની શીશીઓ, ઠંડા પીણાના કેન, ટેટ્રાપેક, ફળની છાલો, રેપર વગેરેને બાળવા કે દાટવા નહી. જાહેર જગ્યાઓ, ગટર, ખરાબાઓમાં ફેકવા નહી. પેદા થયેલ કચરાને છુટો પાડી માન્યતા ધરાવતા કચરો એકત્ર કરનાર કે માન્યતા ધરાવતી સંસ્થાઓને સોંપવો.

(૮) પુન: વપરાશમાં લઈ શકાય તેવા કચરાના એકત્રીકરણ તથા વર્ગીકણ માટે પુરતી જગ્યા ફાળવવી અને માન્યતા ધરાવતા અથવા માન્યતા ન ધરાવતા કચરો એકઠો કરનાર વ્યક્તિ કે સંસ્થાઓ માટે આ જગ્યાએ કચરાનું વર્ગીકરણ કરી છુટો પાડવાની વ્યવસ્થા ઉભી કરવી. કાગળ, પ્લાસ્ટીક, ધાતુ, કાચ, કપડા વગેરેનો જ્યાં વર્ગીકરણ થાય છે તે જગ્યા અથવા તો જે જગ્યાએ પેદા થાય છે તે જગ્યાએથી અલગ અલગ ત્રણ કલરના ડબ્બાઓમાં છુટો પાડીને રાખવો. જેમાં લીલા રંગના પાત્રમાં સડી શકે તેવો કચરો, પુન: ચક્રિત કે પુન: વપરાશમાં લઈ શકાય તેવો કચરો સફેદ રંગના પાત્રમાં અને આ સિવાયના અન્ય કચરાને કાળા રંગના પાત્રમાં એકત્ર કરવો.

(૯) ઘરગથ્થું જોખમી કચરાના એકત્રીકરણ માટે કેન્દ્રો ઉભા કરી આવો કચરો પેદા કરનારાઓને આ કેન્દ્રોમાં ઘરગથ્થું જોખમી કચરો જમા કરાવવા માટેના આદેશો બહાર પાડવા. આ પ્રકારની સુવિધાઓ ૨૦ ચો.કી.મી ના વિસ્તારને આવરી લઈ તેટલા વિસ્તારમાં એક કેન્દ્ર ઉભુ કરવું અને આ કેન્દ્ર ખાતે ઘરગથ્થું જોખમી કચરો સ્વીકારવાનો સમયગાળો જાહેર કરવો.

(૧૦) ઘરગથ્થું જોખમી કચરાને સુરક્ષીત સંગ્રહ તથા વહન કરી જોખમી કચરાની નિકાલ વ્યવસ્થા ખાતે કે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અથવા પ્રદૂષણ નિયંત્રણ સમિતી જે જગ્યાએ નિકાલ કરવાના આદેશો આપે તે જગ્યાએ નિકાલ કરવો.

(૧૧) શેરીની સફાઇ કરનારાઓને શેરી વાળવાથી એકત્ર થયેલ પાંદડાઓને બાળે નહી તેવા આદેશો આપવા અને એકત્ર થયેલ પાંદડાઓને અલગ જગ્યાએ સંગ્રહ કરીને આ પાંદડાઓને કચરો એકત્ર કરનારાઓને કે માન્યતા ધરાવતી સંસ્થાઓને સોંપવો.

(૧૨) કચરો એકત્ર કરનાર કે કચરો ઉપાડનારાઓને ઘન કચરા વ્યવસ્થાપનની તાલીમ આપવી.

(૧૩) શાક માર્કેટ, ફળ માર્કેટ, ફુલ માર્કેટ, મટન માર્કેટ, મરઘા માર્કેટ કે મચ્છી માર્કેટ જેવા કેન્દ્રો પરથી રોજબરોજના ધોરણે કચરા એકત્રીકરણની વ્યવસ્થા ગોઠવી આ કેન્દ્રોમાંથી એકત્ર કરેલ કચરાના નિકાલ માટે વિકેન્દ્રીત કંપોસ્ટ પ્લાન્ટ કે બાયોમીથેનેશન પ્લાન્ટ આવા કેન્દ્રો પર જ કે તેની નજીકમાં ઉભા કરવા અને ચોકસાઇ રાખવી કે જેથી આ જગ્યાઓ આરોગ્યપ્રદ સ્થિતીમાં જળવાઇ રહે.

(૧૪) શેરીઓ, રસ્તાઓ કે ગલીઓને રોજીંદા કે સમયાંતરે વાળવાથી એકત્ર થતા કચરાને અલગથી ઉપાડવાની વ્યવસ્થા ગોઠવવી.

(૧૫) શેરીઓ, ગલીઓને વાળવાથી એકત્ર થતા કચરા માટે કામચલાઉ ધોરણે ઢાંકણાવાળી સંગ્રહ વ્યવસ્થા ઉભી કરવી. તેમાં ખુલ્લી ગટરોમાંથી નિકળતા કાંપને સીધો વાહન મારફતે વહન કરી નિકાલ કરવાની વ્યવસ્થા ન હોય તો તેને પણ સંગ્રહવો અને તેને નિયમીત રીતે એકત્રીત કરી, વહન કરી નિકાલ કરવાની વ્યવસ્થા ગોઠવવી.

(૧૬) બાગ બગીચાઓના કચરાની શકય હોય ત્યાં સુધી બગીચાના સ્થળે પ્રક્રિયા કરવી.

(૧૭) સડી શકે તેવા કચરાને અલગ રીતે એકત્ર કરી યોગ્ય વાહનમાં વહન કરી તેની કંપોસ્ટ પ્લાન્ટ કે બાયોમીથેનાઇઝેશન પ્લાન્ટ જેવી વ્યવસ્થાઓમાં પ્રક્રિયા કરવી અને શક્ય હોય ત્યા સુધી ઉદભવ સ્થળ પર પ્રક્રિયા કરવી.

(૧૮) બિન નાશવંત કચરાને સબંધીત પ્રક્રીયા સ્થળે કે મટીરીયલ રીકવરી સુવિધા કેન્દ્ર કે ગૌણ સંગ્રહ વ્યવસ્થા ખાતે વહન કરવો.

(૧૯) બાંધકામના કચરાને બાંધકામ અને તોડફોડ કચરા વ્યવસ્થાપન નિયમો -૨૦૧૬ની જોગવાઇ મુજબ નિકાલ કરવો.

(૨૦) ઘન કચરા વ્યવસ્થાપન, તથા ઘરગથ્થું કંમ્પોસ્ટીંગ, બાયોગેસની સુવિધા, જેવી કામગીરીને વિકેન્દ્રીત ધોરણે કરવા માટે જન સમુદાયને પ્રોત્સાહિત કરવા પરંતું તેવી વ્યવસ્થાઓમાંથી દુર્ગંધ ન પેદા થાય અને સ્થળને આરોગ્ય પ્રદ પરિસ્થિતીમાં જાળવવામાં આવે તેની ખાત્રી રાખવી.

(૨૧) સ્થાનીક સ્વારાજ્ય સંસ્થાઓ દ્વારા જાળવવામાં આવતા બાગ બગીચાઓમાં કંપોસ્ટનો ઉપયોગ કરવો અને ૨ વર્ષની અંદર આ બગીચાઓમાં રસાયણિક ખાતરોનો ઉપયોગ

બંધ કરવો. કચરાના પુન: વપરાશની કામગીરી સાથે સંકળાયેલ બિન સંસ્થાકિય રીતે ઉભા થયેલ જુથોને શક્ય હોય તો પ્રોત્સાહન પુરુ પાડવું

(૨૨) ઉચિત ટેકનોલોજી કે જેમાં નીચે જણાવેલ ટેકનોલોજીનો પણ સમાવેશ થાય છે. તેને અપનાવી અને સમયાંતરે તેમાં થતા સુધારા વધારાઓને સાંકળીને શહેરી વિકાસ મંત્રાલય દ્વારા પ્રકાશિત થતી માર્ગદશિકાઓ તેમજ કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સમયાંતરે જાહેર કરવામાં આવતા ધારા ધોરણોનું પાલન કરી શકે તેવી વ્યવસ્થાઓને ખુદ અથવા તો ખાનગી ભાગીદારી કે સક્ષમ સંસ્થાની ભાગીદારીથી મહ્ત્તમ ઉપયોગિતા થાય તેવા પ્રકારની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે. વિકેન્દ્રીત પ્રક્રીયા કે જેથી વહનનો ખર્ચ ઓછો થાય અને પર્યાવરણ પર ઓછી અસર થાય તેવા પ્રકારની સુવિધાઓને પ્રાધાન્ય આપવાનું રહેશે. જેવી કે,

(અ) બાયો મીથેનેશન, માઇક્રોબાયલ કંપોસ્ટીંગ, વર્મી કંપોસ્ટીંગ, અને એરોબીક ડાઈજેશન કે એવી અન્ય ઉચીત પ્રક્રિયાથી જૈવ- વિઘટનીય કચરાનું બાયો સ્ટેબીલાઈઝેશન થઇ શકે.

(બ) કચરામાંથી ઉર્જા પેદા કરવાની પ્રક્રીયા કે જેમાં રીફ્યુજ્ડ ડીરાઈવડ ફ્યુઅલ (RDF) કે જેનો ઉપયોગ બળતણ તરીકે પાવર પ્લાંટ કે સિમેન્ટ ઉત્પાદનમાં થઇ શકે તે માટે કચરાના રીફ્યુજ્ડ ડીરાઈવડ ફ્યુઅલ (RDF) બનાવવાની સુવિધાઓ ઉભી કરવી.

(૨૩) પ્રક્રીયા બાદ શેષ રહેતા ઘન કચરાને શિડ્યુલ-૧ ની જોગવાઇ મુજબ નિકાલ કરવા માટે સેનેટરી લેન્ડફીલ સાઇટ તથા તેને આનુસંગીક માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે પોતે અથવા અન્ય સક્ષમ સંસ્થાઓ મારફતે ઉભી કરવાની કામગીરી હાથ ધરવી.

(૨૪) વાર્ષિક બજેટમાં ઘન કચરા વ્યવસ્થાપન માટે મુડી રોકાણ માટે પુરતા ભંડોળની ફાળવણી કરવામાં આવે તેમજ ઘન કચરા વ્યવસ્થાપન માટેની કામગીરી અને જાળવણીને લગતી આ નિયમોની જોગવાઇઓના પાલન માટે સંસ્થાના અન્ય ખર્ચાઓની સાપેક્ષમાં આ બાબતના ખર્ચને પ્રાધાન્યતા આપી બાકી વધેલી મુડીને અન્ય કામગીરીમાં ફાળવે.

(૨૫) જે સ્થાનિક સ્વરાજની સંસ્થા ધ્વારા પ્રતિદીન પાંચ મે. ટનથી વધારે ઘન કચરાનો પ્રક્રિયા, શુદ્ધીકરણ (ટ્રીટમેન્ટ) અને નિકાલ વ્યવસ્થા ધ્વારા નિકાલ કરવામાં આવતો હોય તેવી સંસ્થાઓએ રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની અધિકૃતતા મેળવવા માટે ફોર્મ -૧માં અરજી કરવી.

(૨૬) મેળવવામાં આવેલ અધિકૃતતા અવધી પૂર્ણ થાય તેના ૬૦ દિવસ પહેલા અધિકૃતતા તાજી કરાવવા માટેની અરજી રજૂ કરવી.

(૨૭) પ્રતિવર્ષ ૩૦મી એપ્રીલ પહેલા આગલા વર્ષનો વાર્ષિક અહેવાલ ફોર્મ-૪(Form-iv)માં તૈયાર કરી નગરપાલિકાના નિયામકને અથવા નિયુક્ત અધિકારીશ્રીને રજૂ કરવો.

(૨૮) વાર્ષિક અહેવાલ નગરપાલિકાના નિયામક દ્વારા સંકલીત કરી પ્રતિવર્ષ ૩૧મી મે સુધીમાં શહેરી વિકાસ વિભાગ, ગ્રામ્ય વિકાસ વિભાગ, અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને રજૂ કરવાનો રહેશે.

(૨૯) ઘન કચરા વ્યવસ્થાનની કામગીરીમાં રોકાયેલ દરેક પ્રકારના શ્રમીકોને અને સુપરવાઇઝરો કે જેઓ છૂટા પાડેલા ઘન કચરાને ઘરે ઘરેથી એકત્ર કરવાની કામગીરીમાં રોકાયેલ છે અને તેના વહનની કામગીરીમાં તથા ગૌણ પરિવહન કે પ્રક્રિયા અને નિકાલની કામગીરીમાં સંકળાયેલ છે તેમને તાલીમ આપવી

(૩૦) ઘન કચરા વ્યવસ્થાપનની સુવિધાઓના સંચાલકો દ્વારા દરેક કામદારોને વ્યક્તિગત સુરક્ષાના ઉપકરણો જેવા કે વર્દી, ફ્લોરસન્ટ જેકેટ, હાથ મોજા, રેઇનકોટ, ઉચિત જોડા અને માસ્ક પૂરા પાડવા.

(૩૧) કોઇપણ પ્રકારના રહેણાંકની સોસાયટીઓ કે માર્કેટ સંકુલોના નિર્માણ પહેલા ખાત્રી કરવી કે તેના નિર્માતાઓ ધ્વારા ઘન કચરાના એકત્રીકરણ, વર્ગીકરણ અને સંગ્રહની વ્યવસ્થા માટેની જગ્યાની પુરતી જોગવાઇ રાખવામાં આવેલ છે.

(૩૨) કચરાનો અવૈધ નિકાલ કરનારાઓ કે નિયમોની જોગવાઇઓનું પાલન કરવામાં નિષ્ફળ રહેતી વ્યકિતઓ પાસેથી દંડ વસુલ કરવો. પેટા નિયમોની જોગવાઇઓમાં સુનિશ્ચિત કરવું કે સક્ષમ અધિકારીઓને કે સ્થાનીક સંસ્થાને આ દંડ વસુલ કરવાની સતા સોંપવામાં આવેલ હોય.

(૩૩) પ્રચાર,પ્રસાર,સંચાર અને શિક્ષણના માધ્યમથી જનજાગૃતિનું અભિયાન ચલાવવું અને નીચેના મુદ્દાઓની કચરો પેદા કરનારાઓને જાણકારી આપવી.

(૧) કચરો ગમે ત્યાં ફેકવો નહી.

(૨) ઘન કચરો ઓછો ઉત્પન્ન થાય તેવી પ્રણાલી અપનાવવી.

(૩) શક્ય હોય ત્યાં સુધી કચરાનો પુન: ઉપયોગ કરવો.

(૪) ઘન કચરાને સડી શકે તેવો, સડી ન શકે તેવો (પુન: ઉપયોગ તથા બાળી શકાય તેવો) સેનેટરી કચરો તથા ઘરગથ્થું જોખમી કચરા અને અલગ અલગ સ્વરૂપે પેદા થતા સ્થળે જ જુદો જુદો સંગ્રહિત કરવો(લીલા, સફેદ અને કાળા ડબ્બાઓ) .

(૫) ઘરગથ્થું કંપોસ્ટીગ, વર્મી કંપોસ્ટીગ, બાયોગેસ જનરેશન કે સામુહીક સ્તરના કંપોષ્ટિંગ પ્રથા અપનાવવી.

(૬) સેનેટરી કચરાને ચુસ્ત રીતે પડીકુ વાળી તેના ઉત્પાદકો દ્વારા પુરા પાડવામાં આવતા પેકેટમાં અથવા તો અન્ય રીતે પેકીંગ કરી અને સુનિશ્ચિત કરવામાં આવેલ જગ્યાએ મુકવામાં આવેલ બીન નાશવંત કચરા માટેના ડબ્બામાં નિકાલ કરવાના રહેશે.

(૭) સ્થળપર છુટો પડેલ અલગ અલગ પ્રકારના કચરાને અલગ અલગ ડબ્બામાં સંગ્રહીત કરવો.

(૮) કચરો વિણનારાઓ કે કચરો અધિકૃત એકત્ર કરનારાઓ કે પુન: વપરાશ કરનારાઓ કે કચરાનું એકત્રીકરણ કરનારી સંસ્થાઓને છુટો પાડી સંગ્રહ કરવામાં આવેલ કચરાને સોંપવો.

(૯) ઘનકચરા વ્યવસ્થાપનની કામગીરી માટે પુરતો હોય તેવો ખર્ચ કચરો એકત્રીત કરનાર કે સ્થાનીક સંસ્થા કે તેના દ્વારા અધિકૃત વ્યક્તિઓને ચુકવવો.

(૩૪) નિયમ-૨૩માં દર્શાવેલ લેન્ડફીલ સાઇટ ઉભી કરી ચાલુ કરવાની સમય મર્યાદા પૂર્ણ થયે મિક્ષ કચરાનું લેન્ડફીલીંગ અથવા ડમ્પીંગ બંધ કરવું.

(૩૫) સેનેટરી લેન્ડફીલ સાઇટમાં ફકત બિનઉપયોગી, ફરી વપરાશમાં ન લઇ શકાય તેવો, બિન નાશવંત, સળગી ન શકે તેવો અને બિન પ્રતિક્રીયાશીલ, નિષ્ક્રિય કચરો અને વેસ્ટ પ્રોસેસીંગ સગવડમાંથી પેદા થતા અવશેષોનો નિકાલ કરવો. સેનેટરી લેન્ડફીલ સાઇટ શિડ્યુલ-૧માં દર્શાવેલ ધારાધોરણોનું પાલન કરતી હોવી જોઇએ. શૂન્ય નિકાલનો લક્ષ્ય હાંસલ કરવા રીસાયકલ અથવા રીજેકટનો ફરી ઉપયોગ કરવાના દરેક શક્ય પ્રયત્નો કરવા.

(૩૬) જૂની ઓપન ડમ્પ સાઇટ કે હાલની ચાલુ ડમ્પસાઇટની તપાસ અને વિશ્લેષણ કરી બાયો માઇનીંગ અને બાયો રેમેડીયેશનની સંભાવનાઓ તપાસી બાયો માઇનીંગ કે બાયો રેમેડીયેશન માટે જરૂરી પગલા ભરવા.

(૩૭) બાયો માઇનીંગ કે બાયો રેમેડીયેશનની શકયતા ન હોય ત્યારે પર્યાવરણને વધુ નુકસાન થતું  રોકવા તેને કેપીંગના ધારાધોરણો મુજબ વૈજ્ઞાનિક ઢબે બંધ કરવી (પરીશિષ્ટ-૧ની જોગવાઇ સી(૪)ની જોગવાઇ મુજબ).

**કચરો ઉત્પન્ન કરનાર :-**

| આટલુ કરે | આટલુ ના કરે |
|---|---|
| રોજીંદી દિનચર્યામાંથી ઉત્પન્ન થતા ઘન કચરાને ત્રણ અલગ અલગ પ્રકારે સંગ્રહ કરવો<br>(૧) લીલા પાત્રમાં:- બાયો ડીગ્રેડેબલ<br>(૨) સફેદ પાત્રમાં:- નોન બાયો ડીગ્રેડેબલ<br>(૩) કાળા પાત્રમાં:- ઘરગથ્થું જોખમી કચરો | રોજીંદી પ્રક્રીયામાંથી નીકળતો કચરો એક જ પાત્રમાં એકઠો કરવો નહી, ગમે ત્યાં ફેંકવો નહી, દાટવો નહી, બાળવો નહી. |
| બાંધકામ અને તોડફોડના કચરાને અલગ એકત્રીત કરીને રાખવો, જેનો સ્થાનિક સંસ્થાને નિર્ધારીત ખર્ચ ભરપાઈ કરી જે સ્થળે સુચિત કરવામાં આવેલ હોય ત્યાં મોકલવો. | બાંધકામ અને તોડફોડના કચરાને રોડ સઈડ/ ખુલ્લામાં કે ખાડાઓમાં એમ કોઈ પણ જગ્યાએ નિકાલ કરવો નહી. |
| પોતાની જગ્યામાંના બાગ બગીચામાંથી પેદા થતો કચરો સ્થાનિક સંસ્થા દ્વારા સુચિત કરવામાં આવેલ હોય ત્યાં મોકલવો. | બાગ બગીચાના કચરાને ખુલ્લામાં ફેંકવો નહી કે પાંદડાને બાળવા નહી |

## સ્થાનિક સંસ્થા

| આટલુ કરે | આટલુ ના કરે |
|---|---|
| ઘરે ઘરેથી ઘન કચરો એકત્ર કરે | બે પ્રકારના એટલે કે સડી શકે તેવા અને સડી ન શકે તેવા કચરા (રીસાયક્લેબલ) ને એકજ પાત્ર/વાહનમાં ભેગો ના કરે |
| અલગ અલગ પ્રકારના કચરાને તેના સુનિશ્ચિત સ્થાન પર સીધો વહન કરે | એકત્ર કરેલ કચરાને વહન દરમ્યાન છુટો પાડવાની પ્રવૃત્તિ ના કરે. |
| પોતાના વિસ્તારની શેરીઓ/ રસ્તાઓ/ મેદાનો/બગીચાઓને વાળીને એકત્ર થયેલ કચરાને કંપોસ્ટ કે રીસાયકલીંગ સ્ટેશન પર વહન કરે. | પોતાના વિસ્તારમાં શેરીઓ/ રસ્તાઓ/ મેદાનો/બગીચાઓ વાળીને એકત્ર થયેલ કચરાને બાળવાની પેરવી ના કરે. |
| વિસ્તારની ગટરો સાફ કરવાથી નિકળેલ કચરો એકત્ર કરી તાત્કાલીક એસટીપી કે લેન્ડફીલ પર પહોચાડવો | વિસ્તારની ગટરો સાફ કરવાથી નિકળેલ કચરો ત્યાંજ છોડી દેવો કે રસ્તાને કાંઠે છોડી દેવો નહી. |
| ઘરે ઘરે/દરેક ઉદભવ સ્થળેથી એકત્ર કરવામાં આવતો કચરો<br>(૧) બાયો ડીગ્રેડેબલ અને (૨) નોન બાયો ડીગ્રેડેબલ એમ બે અલગ અલગ પાત્રમાં હોય તો જ વાહનમાં લેવા | ઘરે ઘરે\દરેક ઉદભવ સ્થળેથી એકત્ર કરવામાં આવતો કચરો એકજ પાત્રમાં એકત્ર થતો ના હોય તેની ખાત્રી કરે કચરો એકત્ર કરનારે જો કચરો મીક્ષ હોય તો પેદા કરનારને પરત આપવો તેની જાણ સુપરવાઈઝરને ઘર નંબર સહિત આપવી. |
| ઘરગથ્થું જોખમી કચરાના એકત્રીકરણ માટે ચોક્કસ સ્થળ જાહેર કરી અને ત્યાં એકત્ર થયેલ જોખમી કચરાને જોખમી કચરા નિયમો/ ઈ-વેસ્ટ નિયમો/ પ્લાસ્ટીક વેસ્ટ નિયમોની જોગવાઈ અનુસાર નિકાલ માટેની વ્યવસ્થા કરે. | ઘરગથ્થું જોખમી કચરાને અન્ય કચરાના પાત્રોમાં ભેગો ન થાય તેની ચોક્કસાઈ રાખવામાં ન આવે. |
| કાર્ય વિસ્તારમાં આવેલ ઝુંપડ પટ્ટીઓમાંથી નિકળતા કચરાનું વિશ્લેષણ કરે જો તેમાં કચરો એક્ત્ર કરનાર કે (સ્કેવેનજર) દ્વારા ઉપયોગી કચરો રાખી બાકીનો બિન ઉપયોગી કચરો ફેકી દેવામાં આવતો માલુમ પડે તો આવા કચરા એકત્ર કરનારાઓનું રજીસ્ટ્રેશન કરી નોન બાયોડીગ્રેડેબલ કચરાના નિકાલ સ્થળે જરૂરી જગ્યા પુરી પાડવી | કાર્યક્ષેત્રમાથી આવેલ ઝુંપડપટ્ટીઓમાંથી નિકળતો કચરો એકત્ર કરવા માટેની વ્યવસ્થા ગોઠવવામાં નથી આવતી અને ફક્ત કન્ટેઈનર મુકી દેવામાં આવે જેને ખાલી કરવાની કોઈ ચોક્સાઈ રાખવામાં નથી આવતી. |
| બાંધકામ અને તોડફોડના કચરાના એકત્રીકરણ માટે અલગ વ્યવસ્થા ગોઠવી અને ચલાવવામાં આવે. | બાંધકામ અને તોડફોડના કચરાને ઘન કચરાના કન્ટેઈનરોમાં નાખવા દેવો નહી. |